ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G0

# મહાત્મા મંદિરમાં બે વર્ષમાં ૭૬ કાર્યક્રમ : સરકારને ૯.૨૭ કરોડની આવક

## ભાડે રાખનારને વી.આઈ.પી. લોન્જ, રીશેપ્સન કાઉન્ટર, સાઉન્ડ સિસ્ટમ, પ્રોજેક્ટર્સ, લેગેજ સ્કેનર્સ અને સિક્યુરીટી સહિતની સુવિધાઓ

ગાંધીનગર, તા. ૨૫

મહાત્મા મંદિરમાં છેલ્લા બે વર્ષ દરમિયાન ૭૬ કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા. જ્યારે આ અન્વયે સરકારને રૂ. ૯,૨૭,૯૨,૯૨૮ની આવક થઈ છે.

વિધાનસભાગૃહમાં બાયડના ધારાસભ્ય મહેન્દ્રસિંહ ધામેચાએ રજૂ કરેલા પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યું હતું કે મહાત્મા મંદિરમાં છેલ્લા બે વર્ષમાં ૭૬ કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા.જ્યારે કાર્યક્રમો અન્વયે સરકારને જગ્યા ભાડા પેટે આપતા રૂ. ૯,૨૭,૯૨,૯૨૮ની આવક થઈ છે. મહાત્મા મંદિરમાં કાર્યક્રમ માટે ભાડે જગ્યા રાખનારને વીઆઈપી લોન્જ, રીશેપ્સન કાઉન્ટર, પાર્કીંગ સહીતની સગવડો પુરી પાડવામાં આવે છે. આ ઉપરાંત સાઉન્ડ સિસ્ટમ, ઓડીયો વિઝયુઅલ, એલ.ઈ.ડી., એલ.સી.ડી., પ્રોજેક્ટર્સ, ટેલીવીઝન, પોડીયમ, ખુરશી-ટેબલ, વોટર કુલર્સ, હાઉસકીપીંગ સર્વિસ તેમજ સલામતી રક્ષક અને લેગેજ સ્કેનર્સ સહીતની સવલતો પુરી પાડવામાં આવે છે.

**● એક વર્ષમાં લાંચના ૧૪ કેસ ૧૦ આરોપીઓની ધરપકડ**

ગાંધીનગર જિલ્લામાં એક વર્ષમાં સરકારી કર્મચારી અને અધિકારીઓ વિરૂદ્ધ લાંચના ૧૪ કેસ નોંધાયા છે. ખંભાળીયાના ધારાસભ્ય મેરામણભાઈ આહીરના પ્રશ્નના ઉત્તરમાં જણાવાયા મુજબ જિલ્લામાં વર્ષ દરમિયાન લાંચના ૧૪ કેસ નોંધાયા છે. જેમાં લાંચની કુલ રકમ રૂ. ૬૦,૨૦૦ હતી. લાંચ કેસ અન્વયે જિલ્લામાં ૧૦ આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે. લાંચ કેસના ગુનાઓની તપાસ ચાલુ છે.

**● ૪ હજારથી વધુ હક્કપત્રક નોંધો પડતર**

જિલ્લામાં ૩૧ ડિસેમ્બર વર્ષ ૨૦૧૪ની સ્થિતિએ ૪૪૦૮ હક્કપત્રક નોંધો નિકાલ બાકી છે. ગાંધીનગર ઉત્તરના ધારાસભ્યના પ્રશ્નના ઉત્તરમાં જણાવાયું હતું કે બાકી નોંધોનો નિકાલ પણ બનતી ત્વરાએ કરવામાં આવશે.

**● માણસા તાલુકામાં નાના મોટા ૪૩૧ તળાવ**

માણસા તાલુકામાં વિવિધ ૭ ગામના ૧૦ તળાવો હાલમાં પિયજ ધરોઈ પાઈપલાઈનથી જોડી ભરવામાં આવે છે. માણસાના ધારાસભ્ય અમિત ચૌધરીના પ્રશ્નના જવાબમાં જળસંપત્તિમંત્રીએ જણાવ્યું હતું કે માણસા તાલુકામાં નાના-મોટા ૪૩૧ તળાવો આવેલા છે. તળાવો કેનાલ અથવા પાઈપલાઈન દ્વારા ભરવા સ્કાવર વાલ્વથી ૨ કી.મી. સુધીના અંતરે આવેલ તળાવો તાંત્રિક દૃષ્ટિએ પાઈપલાઈન સાથે જોડી ભરી શકાય તેમ હોય તો પાણીની ઉપલબ્ધિ ધ્યાને લઈ જોડવામાં આવે છે.

**● વારસાઈ હક્ક માટે ૮૦૯ નોંધો નામંજૂર કરાઈ**

જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં વારસાઈ હક્ક માટે કુલ ૧૧૪૦૦ અરજીઓ મળી છે. આ પૈકી ૯૯૭૪ નોંધ મંજૂર કરવામાં આવી છે. જ્યારે ૮૦૯ નામંજૂર કરવામાં આવી છે. ગાંધીનગર ઉત્તરના ધારાસભ્ય અશોક પટેલના પ્રશ્નના જવાબમાં જણાવાયું હતું કે છેલ્લા બે વર્ષમાં ગાંધીનગર તાલુકામાં ૩૨૩૭, દહેગામમાં ૩૨૭૬, કલોલમાં ૨૦૪૭, માણસામાં ૨૮૪૦ વારસાઈ હક્ક માટેની નોંધો પાડવામાં આવી હતી. ૧૧૪૦૦ પૈકી ૯૪૭૪ નોંધો મંજૂર કરવામાં આવી છે.



**વિધાનસભામાં ગાંધીનગર**
- ધનંજય જોષી

**● મોડેલ નગરપાલિકા અન્વયે ૩૧૦.૧૨ લાખ ફળવાયા**

સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત મોડેલ નગરપાલિકા ઘટક કાર્યક્રમ હેઠળ ગાંધીનગર જિલ્લાની નગરપાલિકાઓને રૂ. ૩૦૧.૧૨ લાખની રકમ ફાળવવામાં આવી હતી. કલોલના ધારાસભ્ય બળદેવજી ઠાકોરના પ્રશ્નના ઉત્તરમાં જણાવાયું હતું કે આ અન્વયે મુખ્ય રસ્તાના ૨૫ કામો, સ્લમ વિસ્તારનું ૧ કામ, વરસાદી પાણીની લાઈનના ૫ તેમજ સ્ટ્રીટલાઈટના ૧ તેમ કુલ ૩૨ કામો મંજૂર કરવામાં આવ્યા હતા. આ પૈકી ૨૪ કામો પૂર્ણ કરાયા છે, જ્યારે ૭ પ્રગતિ હેઠળ છે. આ ઉપરાંત બે વર્ષમાં કલોલ અને પેથાપુર નગરપાલિકાની ભૂગર્ભ ગટર યોજનાઓને રૂ. ૯૨૭૩ લાખના ખર્ચે મંજૂર કર્યો છે.



સીંગ-ચણા : ઠંડીની વિદાય અને ગરમીના આરંભનો સમય એટલે શરદી-ખાંસીના ઉપદ્રવનો સમય... કફના મારણ માટે ચણા અકસીર ગણાય છે... ખારા-મોળા સીંગ-ચણા સ્વાદમાં પણ ગમે અને સ્વાસ્થ્ય માટે પણ આરોગ્યપ્રદ મનાય છે... સામાન્ય અને મધ્યમવર્ગ માટે હરતા-ફરતા, સસ્તો અને સ્વાદિષ્ટ નાસ્તો એટલે સીંગ-ચણા... શહેરના મુખ્ય માર્ગો અને સર્કલોની આસપાસ આવી સીંગચણાની લારીઓ પરથી નગરજનો હોંશેહોંશે સીંગચણા ખરીદે છે અને હળવાશની પળોમાં આ સીંગચણાની લ્હેજત માણે છે... (તસવીર : દિપક જાની)

# ગાંધીનગર સ્પર્ધાત્મક પરીક્ષાઓનું પ્રશિક્ષણ કેન્દ્ર બની રહ્યું છે

## અંદાજીત ૪૦ હજારથી વધુ બહારના જિલ્લામાંથી ઉમેદવારો ઉમટ્યાં : શહેરની પી.જી. હોસ્ટેલો, હોસ્ટેલો, સમાજની વાડીઓ ઉમેદવારોથી ઉભરાઈ : સ્પર્ધાત્મક પરીક્ષાના તાલીમ કેન્દ્રમાં પ્રવેશ મેળવવા પણ ફીની સાથે ભલામણો કરવી પડે છે

ગાંધીનગર, તા. ૨૫

રાજ્ય સરકાર દ્વારા હાલમાં જાહેર કરવામાં આવેલી વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારીઓ માટે ગાંધઈનગર શહેર સમગ્ર રાજ્યનું હબ સાબિત થઈ રહ્યું છે. શહેરના અનેક સ્પર્ધાત્મક પરીક્ષાની તાલીમ આપતી સંસ્થાઓ કાર્યરત હોવાથી રાજ્યના દૂર દૂરના જિલ્લાઓમાંથી સ્પર્ધાત્મક પરીક્ષાલક્ષી તૈયારીઓ કરતા ઉમેદવારો ચોપડા અને બિસ્તરાં પોટલા સાથે ઉમટી પડ્યા છે. એક અંદાજ મુજબ ગાંધીનગર શહેરમાં બહારના જિલ્લામાંથી ૪૦ હજારથી વધુ ઉમેદવારો આવ્યા છે. આ વિદ્યાર્થીઓ નોકરી મેળવવા તનતોડ મહેનત કરી રહ્યા છે. રાજ્ય સરકારના વિવિધ વિભાગોમાં વાર્ષિક નિવૃત્તિદર ઘટતા અનેક ઉચ્ચ વહીવટી જગ્યાઓ ખાલીખમ પડી છે. અથવા

● અનુસંધાન પાન-૭ પર

# કલોલ ખૂન કેસના આરોપીને આજીવન કેદ

## રેલવે સ્ટેશન પર પત્થર મારી રેલવે કર્મચારીનું મોત નિપજાવ્યું હતું

ગાંધીનગર, તા.૨૫

કલોલ રેલવે સ્ટેશન પ્લેટફોર્મ નં.૧ પર રેલવે કર્મચારીને પથ્થર મારી ગભીર ઈજા પહોંચાડી મોતને ઘાટ ઉતારવાના કેસમાં કલોલ કોર્ટે આરોપીને આજીવન કેદની સજા ભોગવવા હુકમ કર્યો છે.

આ કેસની પ્રાપ્ય વિગત અનુસાર તા. ૯ ડીસેમ્બર વર્ષ ૨૦૧૩ના રોજ રાત્રિના ૧૦.૩૦ કલાકે કલોલ રેલવે સ્ટેશન પર આરોપી ગીતારામ લેતલોખન રાંભાએ ગંગારામ બબાભાઈ પરમાર તથા પુનમભાઈ ઈશ્વરભાઈ જાદવ તેમજ અન્ય એક પોલીસ કોન્સ્ટેબલને પથ્થર મારી ઈજાઓ પહોંચાડી હતી. આ ઉપરાંત રેલવે કર્મચારી અભુજી સોમાજી ઠાકોરને પણ પત્થર મારી ગંભીર ઈજાઓ પહોંચાડી હતી. જેના લીધે અભુજીનું મોત નિપજયું હતું. આરોપી વિરૂદ્ધ સાબરમતી રેલવે પોલીસ સ્ટેશનમાં ગુન્હો દાખલ થયો હતો. આ કેસ કલોલની એડીશનલ સેશન્સ કોર્ટમાં ચાલી જતા સરકારી વકીલ તરીકે પ્રિતેશ ડી. વ્યાસે દલીલો કરી હતી જે દલીલો તેમજ ઈજા પામનાર રેલવેના કર્મચારીઓ, પેથો. ડોકટરની જુબાની તેમજ તપાસ કરનાર અમલદારની જુબાની ધ્યાને લઈ જજ જી.એમ. પટેલે આરોપી ગીતારામ ....ને હત્યાના ગુન્હામાં કસુરવાર ઠરાવી આજીવન કેદની સજા તેમજ રૂ. ૧ હજારનો દંડ ભોગવવા હુકમ કર્યો છે.

**વિધાનસભાની બહાર ઓન ડ્યુટી**

# મોબાઈલ પર લાગેલા પોલીસને આરોગ્ય મંત્રીએ આડે હાથ લીધા...!

## નિતિન પટેલ ગાડીમાંથી ઉતર્યાને શિસ્તનાં પાઠ ભણાવી પોલીસનો ઉઘડો લઈ લીધો

ગાંધીનગર, તા.૨૫

ગુજરાત રાજયના આરોગ્યમંત્રી નિતિન પટેલ આજે સવારે વિધાનસભા પ્રવેશ કરી રહ્યા હતા ત્યારે પ્રવેશ દ્વાર પાસે ઓન ડયુટી પોલીસ જવાનોને બાઈક પર બેઠા બેઠા ફોન પર ગપાટા મારતા જોઈ ગયા હતા. ગાડીમાંથી ઉતરીને પોલીસ જવાનને આડે હાથ લઈ આરોગ્ય મંત્રીએ શિસ્તના પાઠ ભણાવ્યા હતા. આ ઘટના આજે આખો દિવસ વિધાનસભા સંકુલમાં ચર્ચાનો વિષય બની હતી.

બે દિવસ અગાઉ વિધાનસભા ગૃહમાં દેશી દારુની પોટલી ઉછળી હતી. કડક બંદોબસ્તની વાતો કરતી પોલીસની પોલ ખોલી નાંખતા આ કિસ્સા બાદ પોલીસની વાહન તથા મુલાકાતીની ચકાસણી કામગીરી પર શંકાઓ ઉદભવી છે. સરકારને શરમથી નીચું જોવું પડે તેવી આ ઘટના બાદ હજુ પણ વિધાનસભા બંદોબસ્તની પોલીસ લાપરવાહ હોવાનું આરોગ્યમંત્રીના ધ્યાને આવ્યું હતું. આજે સવારે ૧૦ વાગ્યાના અરસામાં કેબીનેટ મીટીંગમાં આવતા વિધાનસભાની પાછળ બાઈક પર બેસીને મોબાઈલ પર વાતો કરતા પોલીસ જવાનને જોઈ જતા મીનીસ્ટર નિતિન પટેલે તેની ગાડી ઉભી કરાવી તે જવાનનો ધડો લઈ લીધો હતો અને આવી અશિસ્ત નહીં ચાલે... કહીને જવાનને ગગલાવી નાંખ્યો હતો. આ મુદ્દાએ આજે દિવસભર વિધાનસભા સંકુલમાં ચર્ચાઓ જગાવી હતી.

# જિલ્લામાં વેટ-વેચાણવેરા અન્વયે ૨૭૯ કરોડની વસુલાત બાકી

## ૫ વર્ષમાં ૪૭૦૯ કરોડ વેટની રકમ વસુલાઈ

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગર જિલ્લામાંથી છેલ્લા ૫ વર્ષ દરમિયાન વેટ વેચાણ વેરાની વસુલાત અન્વયે રૂ. ૪૭૦૯ કરોડની આવક થઈ છે. જ્યારે વેરા પેટે રૂ. ૨૭૯ કરોડની વસુલાત બાકી છે.

વિધાનસભાગૃહની અતારાંકિત પ્રશ્નોત્તરીમાં વિરમગામના ધારાસભ્ય તેજશ્રીબેન પટેલે રજુ કરેલા પ્રશ્ન સંદર્ભે નાણામંત્રીએ રજૂ કરેલા લેખિત જવાબમાં જણાવાયા મુજબ જિલ્લામાં વર્ષ ૨૦૧૦-૧૧ દરમિયાન વેટ અન્વયે રૂ. ૬૪૯ કરોડની આવક થઈ છે. વર્ષ ૨૦૧૧-૧૨માં ૯૫૭ કરોડ, વર્ષ-૨૦૧૨-૧૩ ૧૦૮૬, વર્ષ-૨૦૧૩-૧૪માં ૮૧૨ અને વર્ષ ૨૦૧૪માં ૧૨૦૫ કરોડની આવક થઈ છે. જિલ્લામાંથી છેલ્લા ૫ વર્ષ દરમિયાન ૪,૭૦૯ કરોડની આવક વેટની વસુલાતમાંથી થી છે. જ્યારે ૩૧ ડિસેમ્બર વર્ષ ૨૦૧૪ની સ્થિતિએ ગાંધીનગર જિલ્લામાં વેટ વેરા અન્વયે રૂ. ૨૭૯ કરોડની વસુલાત બાકી છે.

# ભાણેજની અંતિમ ક્રિયા માટે આસારામના જામીન નામંજૂર

## મૃતક ભાણેજના બે સગા ભાઈઓ હયાત હોવાથી અંતિમ ક્રિયા કરવા સક્ષમ છે : સરકારી વકીલ

ગાંધીનગર, તા.૨૫

બળાત્કાર કેસમાં સંડોવાયેલા આસારામ સામે ગાંધીનગર કોર્ટમાં કેસ ચાલી રહ્યો છે ત્યારે ભાણેજની અંતિમ ક્રિયા માટે આસારામે રજૂ કરેલી જામીન અરજી કોર્ટે નામંજૂર કરી છે.

સુરતની યુવતિ દ્વારા આસારામ સામે કરવામાં આવેલ દુષ્કર્મની ફરિયાદનો કેસ કોર્ટમાં ચાલી રહ્યો છે ત્યારે ગત તા. ૧૯ માર્ચના રોજ મોઢેરા આશ્રમમાં અગાઉ આસારામ સાથે રહેતા તેમના ભાણેજ શંકર પગરાનીનું અમદાવાદમાં અવસાન થયું હતું. મૃતક ભાણેજની અંતિમ ક્રિયામાં હાજર રહેવા આસારામે ગાંધીનગર કોર્ટ સમક્ષ વકીલ મારફતે ૧ માર્ચના જામીન આપવા અરજી રજૂ કરી હતી. જેમાં આસારામના વકીલ બી.એમ. ગુપ્તાએ અરજીમાં જણાવ્યું હતું કે ભાણેજ શંકરે આસારામ તેમની અંતિમ વિધિ કરે તેવી ઈચ્છા વ્યકત કરી હતી. આ અરજી સંદર્ભે કોર્ટે બંને પક્ષોના વકીલોને સાંભળ્યા હતા. જેમાં સરકારી વકીલ કોડેકરે જણાવ્યું હતું કે મૃતકના બે ભાઈઓ હયાત છે જેઓ અંતિમ ક્રિયા કરવા સક્ષમ છે. જયારે આસારામ પર ગંભીર પ્રકારના આરોપો છે. તે જેલમાંથી બહાર નીકળે તો કાયદો અને વ્યવસ્થા ભયમાં મુકાય તેમ છે. આવા સંજોગોમાં જામીન આપવા યોગ્ય નથી. ગાંધીનગર સેસન્સ કોર્ટના જજે બંને તરફેના નિવેદનો એફીડેવીટ તેમજ દલીલોને ધ્યાને લઈ જામીન અરજી નામંજૂર કરી છે.

# હીટવેવની આગાહી વચ્ચે ગરમીનો પારો વધુ ઉચકાયો



ગાંધીનગર, તા.૨૫

ઉનાળાના પ્રારંભે જ ગાંધીનગરમાં જોરદાર ગરમી પડી રહી છે. છેલ્લા ત્રણ દિવસ મહત્તમ તાપમાન ૪૧ ડિગ્રીથી વધુ રહ્યું હતું. ગઈકાલે મહત્તમ તાપમાન ૪૧ ડિગ્રી રહ્યા બાદ આજે તેમાં સહેજ વધારો થતાં મહત્તમ તાપમાન ૪૧.૮ ડિ.સે. નોંધાયું છે.

સમગ્ર ઉત્તર ગુજરાત, સૌરાષ્ટ્ર અને કચ્છમાં છેલ્લા ત્રણ દિવસથી હીટવેવ જેવી સ્થિતિ સર્જાઈ છે. ઉનાળાના પ્રારંભે જ આકરો તાપ અને ગરમીનો અનુભવ થઈ રહ્યો છે. બપોરે તો અંગ દઝાડતો તાપ અને સતત ફુંકાતી લુ વસાહતીઓને ઘરમાં પુરાઈ રહેવા મજબુર બનાવે છે. ગઈ કાલે મહત્તમ તાપમાન ૪૧ ડિગ્રી રહ્યા બાદ આજે તેમાં સહેજ વધારો જોવા મળ્યો હતો અને મહત્તમ તાપમાન ૪૧.૮ ડિ.સે. નોંધાયું હતું. જયારે લઘુત્તમ તાપમાન ૨૩.૦ ડિ.સે. નોંધાયું હતું. આગામી દિવસોમાં પારો વધુ ઉંચે જશે તેવી આગાહી હવામાન વિભાગે કરી છે.

# જિલ્લાના ૪૪ મેડીકલ સ્ટોર્સમાં ફાર્માસિસ્ટની ગેરહાજરી...!!

ગાંધીનગર, તા.૧૯

ગાંધીનગર જિલ્લામાં ફાર્માસિસ્ટોની ગેરહાજરીમાં મેડીકલ સ્ટોર્સચાલી રહ્યા હોવાના ૪૪ કિસ્સાઓ ધ્યાને આવ્યા છે. અમરેલીના ધારાસભ્ય પરેશ ધાનાણીના પ્રશ્ન સંદર્ભે આરોગ્યમંત્રીએ રજૂ કરેલા લેખિત જવાબમાં જણાવાયા મુજબ ગાંધીનગર જિલ્લામાં ૪૪ મેડીકલ સ્ટોર્સમાં ફાર્માસિસ્ટોની ગેરહાજરી હોવાનું ધ્યાને આવ્યું છે.

જેમાં ગાંધીનગર તાલુકામાં ૧૦, કલોલમાં ૧૩, માણસામાં ૯ અને દહેગામમાં ૧૨ કિસ્સાઓ ધ્યાને આવ્યા છે. ધ્યાને આવેલ આ કિસ્સાઓમાં મેડીકલ સ્ટોર્સના પરવાનાઓ ૧ થી ૧૦ દિવસ સુધી સ્થગિત કરવામાં આવ્યા છે. જયારે પરવાનો રદ કરવા સુધીની પણ કાર્યવાહી કરવામાં આવી છે.

॥ શ્રી ગણેશાય નમઃ ॥

શુભારંભ તા. ૨/૪/૨૦૧૫ને ગુરૂવારથી

**જય અન્નપૂર્ણા ફૂડ સપ્લાયર્સ**

● દરરોજ સ્વાદિષ્ટ લંચ તથા ડીનર આપના ઘર, ઓફીસ, દુકાન, હોસ્ટેલ, હોસ્પિટલ માટે મેળવવા સંપર્ક કરો.

ઓર્ડર નોંધાવવાનો સમય : લંચ - સવારે ૮-૦૦ થી ૧૦-૦૦ ડીનર - સાંજે ૫-૦૦ થી ૬-૩૦

● દરેક બર્થ ડે પાર્ટી, કિટ્ટી પાર્ટી, લગ્ન, રીસેપ્શન માટે ગુજરાતી, પંજાબી, ચાઈનીઝ, સાઉથ ઈન્ડીયન, ફાસ્ટફુડ તથા દિલ્હી ચાટની ફુલ ડીસના કોન્ટ્રાક્ટ માટે સંપર્ક કરો

પ્લોટ-૩૦૬/એ/૨, મંગલમૂર્તિ પાર્ક, સેક્ટર-૮, ગાંધીનગર

ચિન્ટુ કુન્દનલાલ પટેલ : મો. ૯૯૨૫૪૬૬૪૯૦, ૯૮૨૫૭૧૯૯૮૬, ૮૭૩૪૯૭૧૯૩૩

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ

ગાંધીનગર સમાચાર ફોન - ૨૩૨૨૨૫૭૧ ફોન - ૨૩૨૩૭૫૭૧

**શ્રદ્ધાંજલિ**



**સ્વ. હેમા કાપડિયા (ધનેશા) USA**

જ.તા. ૧૭-૯-૧૯૭૧ સ્વ. તા. ૨૩-૩-૨૦૧૫

આપની તેજસ્વી કારકિર્દીએ માત્ર પરિવારને નહિ પણ સમગ્ર નગરને ગૌરવ અપાવ્યું હતું. આજે તારી અણધારી વિદાયથી અમો ભારે આઘાત અનુભવીએ છીએ.

સદ્‌ગતના આત્માને ચિરશાંતિ માટે પ્રાર્થના

| | |
|---|---|
| સ્વ. મોહનલાલ હિરજીભાઈ ધનેશા (પિતા) (નિવૃત્ત સંયુક્ત સચિવ) | સુધાબેન ધનેશા (માતા) |
| હૃદયનાથ ધનેશા (ભાઈ) (નિવૃત્ત - એસ.બી.આઈ.) | પુષ્પા ધનેશા (ભાભી) |
| ડો. હંસા ઠક્કર (બહેન) (પ્રોફેસર, બીજે મેડિકલ કોલેજ) | ડો. હર્ષદ ઠક્કર (જીજાજી) (રેડિયોલોજીસ્ટ) |
| આસુતોષ ધનેશા (ભાઈ) (કન્સલ્ટન્ટ, અમેરિકા) | કેતકી ધનેશા (ભાભી) |

# ગુજરાત ઈન્ફ્રાની મિટિંગ યોજાઈ

અમદાવાદ, તા.૨૫

મુખ્યમંત્રી આનંદીબેન પટેલના અધ્યક્ષસ્થાને આજે ગુજરાત ઈન્ફ્રાસ્ટ્રકચર ડેવલપમેન્ટ બોર્ડની ૩૩મી બેઠક મળી હતી. આ બેઠકમાં ગુજરાતમાં આઈલેન્ડ (ટાપુ)ના વિકાસ માટે પ્રથમ તબક્કે પીરોટન, બેટ દ્વારકાનો સ્ટડી કરવાનું તય કરવામાં આવ્યું હતું.

કોસ્ટલ કાર્ગોના શક્યતાદર્શી અભ્યાસની પણ બેઠકમાં નોંધ લેવામાં આવી હતી. આનંદીબેનની અધ્યક્ષતામાં મળેલી આ બેઠકમાં આરોગ્ય મંત્રી નિતીનભાઈ પટેલ, નાણામંત્રી સૌરભભાઈ પટેલ, જળસંપતિ મંત્રી બાબુભાઈ બોખિરીયા, શિક્ષણ મંત્રી ભુપેન્દ્રસિંહ તેમજ મુખ્ય સચિવ ડી.જે.પાંડિયન, શહેરી વિકાસ, મહેસૂલ અને નાણાનાં અધિક મુખ્ય સચિવ તથા બંદરો, ઊર્જા ઊદ્યોગના અગ્રસચિવે તથા જી.આઈ.ડી.બી.ની આ બોર્ડ બેઠકમાં ખંભાત ખાતે દહેજ ઘોઘા ફેરી સર્વિસના ઓપરેશન માટે ખાનગી વિકાસકારની પસંદગી પ્રક્રિયાને બહાલી આપવા સાથે જ સુરતમાં ડાયમન્ડ રિસર્ચ એન્ડ મર્કન્ટાઈલ સિટી અને સુરત આઉટ રીંગરોડ વિકાસ અંગે ચર્ચા-વિચારણાહાથ ધરવામાં આવી હતી.

ADITYA BIRLA GROUP

લીકેજ-મુક્ત ઘરો માટે

UltraTech SEAL & DRY Total Waterproofing Solution

Waterproofing ka champion

શ્રી સ્વામીનારાયણ એન્ટરપ્રાઈસીસ

એસ-૬, બીજો માળ, અપના બજાર, સેક્ટર-૬, ગાંધીનગર

કોલ કરો : ૯૯૨૫૦ ૩૯૬૭૨, ૭૬૯૮૬ ૮૮૮૧૧.

મકાનના ૧૦૦% વોટર પ્રુફીંગ કામ માટે મળો.

SANGHI CEMENT · KisaN · ashirvad C. PVC, UPVC · VINAYAK 500 TMT BARS - ISI · BENELAVE BATH FITTINGS · DR. FIXIT · TATA STEEL • PIPES • SHEETS

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ

**જગદીશ સ્ટીલ સ્ટોર્સ**

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com